# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી અંગોલા અને બોત્સ્વાનાની મુલાકાતે જશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશના વારાણસીથી ચાર નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી બતાવી રવાના કરાવશે.

3) પ્રધાનમંત્રી આજે સાંજે નવી દિલ્હીમાં સર્વોચ્ચ અદાલત ખાતે કાનૂની સહાય અંગેના રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે.

4) ગુજરાત સરકારે કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા પાક નુકસાનની સહાય પેટે 10 હજાર કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી.

5) ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ મેચોની T- 20 ક્રિકેટ શ્રેણીની અંતિમ મેચ આજે બ્રિસ્બેનના ગાબા ખાતે રમાશે.

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PREZ-AFRICA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી અંગોલા અને બોત્સ્વાનાની મુલાકાતે જશે. આ બે આફ્રિકન દેશોની ભારતીય રાષ્ટ્રપતિની આ પહેલી મુલાકાત હશે. 13મી નવેમ્બર સુધી ચાલનારી આ મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ મુર્મુ તેમના સમકક્ષો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે, તેમની સંબંધિત સંસદોને સંબોધિત કરશે અને ભારતીય સમુદાય સાથે વાતચીત કરશે.

શ્રીમતી મુર્મુ 11 નવેમ્બરે અંગોલાના પચાસમા સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. આ મુલાકાતનો હેતુ હાલના દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરવાનો અને ભવિષ્યમાં સહયોગ માટે નવી તકો શોધવાનો છે.

મુલાકાત દરમિયાન, વેપાર, રોકાણ, સંરક્ષણ, આરોગ્ય, માળખાગત સુવિધાઓ અને પરસ્પર સંબંધોને મજબૂત બનાવવા પર ચર્ચા થશે. બોત્સ્વાનામાં પ્રોજેક્ટ ચિત્તા પર પણ ચર્ચા થવાનું છે.

# PM-VARANASI VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશના વારાણસીમાં ચાર નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી બતાવી રવાના કરાવશે. આ ટ્રેનો વારાણસી-ખજુરાહો, લખનૌ-સહારનપુર, ફિરોઝપુર-દિલ્હી અને એર્નાકુલમ-બેંગલુરુ રૂટ પર દોડશે. જેનાથી મુસાફરીનો સમય ઘટશે, પ્રાદેશિક ગતિશીલતા વધશે, પર્યટનને વેગ મળશે અને દેશભરમાં આર્થિક પ્રવૃત્તિને વેગ મળશે.

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. પ્રધાનમંત્રી ગઈકાલે સાંજે તેમના

સંસદીય મતવિસ્તાર વારાણસી પહોંચ્યા ત્યારે નાગરિકો અને પક્ષના કાર્યકરો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

વધુ વિગતો અમારા સંવાદદાતા પાસેથી સાંભળીએ....

(બાઇટ – પ્રેમચંદ્ર ગુપ્તા)

# PM-CONFERENCE-LEGAL AID

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે નવી દિલ્હીમાં સર્વોચ્ચ અદાલત ખાતે કાનૂની સહાય વિતરણ વ્યવસ્થાને મજબૂત બનાવવા પર રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા તૈયાર કરાયેલ સમુદાય મધ્યસ્થી તાલીમ મોડ્યુલને લોન્ચ કરશે.

આ પ્રસંગે તેઓ સભાને પણ સંબોધિત કરશે. બે દિવસીય પરિષદમાં કાનૂની સેવાઓના માળખાના મુખ્ય પાસાઓ, જેમ કે કાનૂની સહાય કાઉન્સેલિંગ સિસ્ટમ, પેનલ વકીલો, પેરાલીગલ સ્વયંસેવકો, કાયમી લોક અદાલતો અને કાનૂની સેવા સંસ્થાઓના નાણાકીય વ્યવસ્થાપન પર ચર્ચા કરવામાં આવશે.

# INDIA EU FTA-NEGOTIATIONS

યુરોપિયન સંઘ-EUના વાટાઘાટકારોની એક ટીમ પ્રસ્તાવિત ભારત-EU મુક્ત વેપાર કરાર (FTA) પર તેમના ભારતીય સમકક્ષો સાથે વાટાઘાટો કરવા માટે નવી દિલ્હી આવી છે.

આ મહિનાની ત્રીજી તારીખે શરૂ થયેલી અઠવાડિક લાંબી વાટાઘાટો ગઈકાલે પૂર્ણ થઈ. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે ચર્ચાઓ એક વ્યાપક, સંતુલિત અને પરસ્પર લાભદાયી વેપાર કરાર પર કેન્દ્રિત હતી. ચર્ચાઓમાં માલ, સેવાઓ, રોકાણ, વેપાર, ટકાઉ વિકાસ અને તકનીકી વેપાર અવરોધો સહિત વિવિધ વિષયો આવરી લેવામાં આવ્યા હતા.

વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે યુરોપિયન આયોગના વેપાર મહાનિર્દેશક શ્રીમતી સબીન વેયંડ સાથે પણ વિગતવાર બેઠકો કરી હતી. શ્રી અગ્રવાલે વાટાઘાટોના વિવિધ તબક્કામાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. વાણિજ્ય સચિવે લાભોના ન્યાયી અને સંતુલિત વિતરણને સુનિશ્ચિત કરતી વખતે આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાની ભારતની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. બંને પક્ષોએ વ્યાપક અને સંતુલિત વેપાર કરાર પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

# GST

આગામી પેઢીના GST સુધારા હેઠળ, સરકારે હાઉસિંગ અને બાંધકામ ક્ષેત્રની વસ્તુ અને સામગ્રી તથા સેવાઓ પર કરમાં ઘટાડો કરીને રાહત આપી છે. એક અહેવાલ સાંભળીએ

(બાઇટ – નિખિલ)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## CM ANNOUNCED RELIEF PACKEG FOR FARMERS

**ગુજરાત સરકારે કમોસમી વરસાદને કારણે ખેડૂતોને થયેલા પાક નુકસાનની સહાય પેટે દસ હજાર કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ આ રાહત પેકેજની જાહેરાત કરતાં કહ્યું હતું કે ગુજરાતમાં ગત બે દાયકામાં ન થયો હોય એ પ્રકારનો અસાધારણ કમોસમી વરસાદ આ વર્ષે થતા રાજ્યના વિવિધ જિલ્લાના ખેડૂતોના પાકને મોટું નુકસાન થયું છે. મંત્રીઓએ જુદા-જુદા જિલ્લાઓમાં જઈને અસરગ્રસ્ત ખેડૂતોની સાથે પ્રત્યક્ષ વાતચીત કરીને તેમની સ્થિતિ જાણીને એક અહેવાલ રાજ્ય સરકારને સુપરત કર્યો હતો આ અહેવાલ બાદ રાહત પેકેજની મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી.**

સાથોસાથ આવતીકાલથી ગુજરાત સરકાર ખેડૂતો પાસેથી ટેકાના ભાવે આશરે 15 હજાર કરોડ રૂપિયાથી વધુના મૂલ્યની મગફળી મગ, અડદ અને સોયાબીનની ખરીદી કરવા પણ જઈ રહી હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી)

# CIVIL AVIATION-DELHI AIRPORT

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું છે કે ભારતીય હવાઈમથક સત્તામંડળે દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર ઓટોમેટેડ મેસેજ સ્વિચિંગ સિસ્ટમ સાથેની ટેકનિકલ સમસ્યાનું નિરાકરણ કર્યું છે. આ ખામીને કારણે ફ્લાઇટ પ્લાન સંદેશાઓની પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો હતો. સિસ્ટમ હવે કાર્યરત છે. ટેકનિકલ સમસ્યાને કારણે હવાઈમથકે ઘણી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સમાં વિલંબ થયો હતો.

મંત્રાલયે એક નિવેદનમાં ખાતરી આપી કે દિલ્હી હવાઈમથક પર ફ્લાઇટની ઉડાન સામાન્ય થઈ જશે. મંત્રાલયે જણાવ્યું હતું કે ઓટોમેટેડ મેસેજ સ્વિચિંગ સિસ્ટમમાં આ સમસ્યા મળી આવી હતી. નાગરિક ઉડ્ડયન સચિવે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ અને અન્ય અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી અને સમસ્યાઓના ઉકેલ માટે જરૂરી સૂચનાઓ આપી હતી. મંત્રાલયે એરલાઇન્સ અને મુસાફરોને થતી અસુવિધા બદલ ખેદ વ્યક્ત કર્યો હતો.

# MEN'S CRICKET

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ મેચોની T- 20 ક્રિકેટ શ્રેણીની અંતિમ મેચ આજે બ્રિસ્બેનના ગાબા ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે પોણા બે વાગ્યે શરૂ થશે.

ગુરુવારે ક્વીન્સલેન્ડમાં રમાયેલી ચોથી મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને 48 રનથી હરાવીને શ્રેણીમાં 2-1ની લીડ મેળવી લીધી છે. આજની મેચમાં માત્ર એક વિકેટ સાથે, ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ટ્વેન્ટી20 ક્રિકેટ મેચમાં 100 વિકેટ લેનાર બીજા ભારતીય બોલર બનશે.

જો તે આ સિદ્ધિ હાંસલ કરશે, તો તે રમતના ત્રણેય ફોર્મેટમાં 100 થી વધુ વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર પણ બનશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

♣આજના તમામ અખબારોએ ગુજરાતમા માવઠાથી થયેલ નુકસાનથી ખેડૂતો માટે જાહેર કરાયેલ રાહત પેકેજના સમાચારની હેડ લાઈન બનાવી છે...

♣ગુજરાત સમાચાર લખે છે માવઠાથી અસરગ્રસ્ત ખેડૂતો માટે રૂપિયા 10 હજાર કરોડનું રાહત પેકેજ.....

♣ દિવ્ય ભાસ્કર લખે છે 16 હજાર ગામના 13 લાખ ખેડૂતને પ્રતિ હેકટર 22 હજાર વળતર ચૂકવાશે...અજીત પવારના પુત્રનો 1800 કરોડની જમીનનો સોદો 300 કરોડમાં થયો....

♣સંદેશ લખે છે ધોરણ 10-12ની બોર્ડ પરીક્ષા ફીમાં સરેરાશ પાંચ ટકા સુધી વધારો કરાયો...